ફોજદારી કેસ નંબર 67420–20

આક ૧ લગત હુકમ

ઠ રા વ

૧. સદર કામે આરોપી સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૯ અન્વયેના ગુનાનુ ચાર્જશીટ તપાસ કરનાર અમલદાર દ્ધારા રજુ કરવામાં આવેલ.

૨. સદર ફોજદારી કેસના કામે આરોપી સામે પ્રોસેસ કાઢવામાં આવેલ, પરંતુ આરોપીને પોલીસ મશીનરી રજુ કરી શકેલ નથી.

૩. સદર કામે ફરીયાદી હાજર દ્ધારા સદર કામે સદર કેસ આગળ ચલાવવો નથી તેવી રજૂઆત કરી માંડવાળ કરવા પરવાનગી માંગેલ છે, તે અન્વયે એપીપીશ્રી દ્ધારા પણ રજુઆત કરવામાં આવેલ છે કે, સદર કામે આરોપી લાંબા સમયથી મળી આવતો નથી તે કારણે ફરીયાદીને માંડવાળ કરવા પરવાનગી આપવી જોઈએ જે અન્વયે સદર કામે ફરીયાદી ને માંડવાળ કરવા પરવાનગી જે માંગેલ તે મંજુર કરવામાં આવેલ. જે અન્વયે ફરીયાદી (મિલકતનો માલિક) દ્ધારા સદર કામે સમાધાન થયેલાનુ જાહેર કરેલ છે.

૪. ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૨૦ ધ્યાને લેતા સમાધાન માટે આરોપીની હાજરી ફરજીયાત રાખવામાં આવેલ નથી, તેમજ ભોગ બનનાર દ્ધારા જયારે પોતે સમાધાન થયેલાનુ સ્વિકારીને માંડવાળ કરવા માટે અને સમાધાન થયેલાનુ સ્વિકાર કરતા હોય, અને તે મુજબની પુરસીસ ફરીયાદી (મિલકતના માલિક) તેમજ એ.પી.પી દ્ધારા રજુ કરતા હોય તે અન્વયે સમાધાન મંજુર કરી નિચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

– હુ ક મ –

૧. ફરીયાદીનુ સમાધાન મંજુર કરી, આરોપીને સદર ગુનાના કામે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૨૦(૨)(૮) અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. સદર કામ કબજે કરવામાં આવેલ મુદ્દામાલ બાબતે જો કોઈ વચગાળાની કસ્ટડીનો હુકમ કરવામાં આવેલ હોય તો તે હુકમ આથી કાયમ કરવામાં આવે છે અન્યથા તેની માલિકી બાબતેની ખાત્રી થયેથી તેઓને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ આજરોજ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.**

અમદાવાદ.

તા.૧૨/૧૧/૨૦૨૨.

(રીન્કુ રાજેશ દેસાઈ)
એડી.ચીફ.મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, અમદાવાદ
કોર્ટ નંબર–૦૯.

**Unique Code No. GJO**1089.

-